સંદેશ, ગાંધીનગર આવૃત્તિ
પાના નંબર :- ૦૪
તારીખ :- ૨૨/૦૨/૨૦૨૬

# સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રોના માર્ગની કાયાપલટ








મહાત્મા મંદિર અંતિમ સ્ટેશન સુધી મેટ્રો દોડતી થઈ જશે. બસ અંતિમ ઘડીઓ ગણાય રહી છે. આવતીકાલે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મામંદિર મેટ્રો સ્ટેશનથી લીલીઝંડી બતાવશે. સચિવાલય સુધી દોડતી મેટ્રો એ સાથે મહાત્મામંદિર સુધી પહોંચશે. અત્યારે સચિવાલયથી મહાત્મામંદિર સુધીના ૫.૩૬ કિમીના રૂટ પરના રોડની બંને બાજુ પર મોટાપાયે પ્લાન્ટેશન કરીને કાયાપલટ કરવામાં આવી છે. આ સમગ્ર વિસ્તારને ૩૦ હજાર જેટલા વિવિધ પ્રકારના છોડ રોપીને પ્રોટેક્શન ગ્રીલ સાથે બ્યુટીફિકેશન, લેન્ડસ્કેપીંગ અને પ્લાન્ટેશનથી સુશોભિત કરવામાં આવ્યો છે. આવતીકાલની તૈયારીઓને હવે આખરી ઓપ અપાય રહ્યો છે. તમામ વિભાગો ઉભા પગે છે. મેટ્રોના રૂટના પીલરોનું રંગરોગાન, સફાઈકામ, ફુલછોડનું સુશોભન કરવાંમાં તમામ વ્યસ્ત છે. હજારો કામદારોને કામે લગાવવામાં આવ્યા છે. અધિકારીઓ સતત દોડી રહ્યા છે. ભાજપ સંગઠન પણ રૂટ અને મહાત્મામંદિર સ્ટેશન જ્યાંથી વડાપ્રધાન મેટ્રોને રવાના કરશે તે જગ્યાનું નિરીક્ષણ કરવા દોડધામ કરે છે.